ગાંધીનગર સમાચાર

**હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૭૬૦૦થી વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળ્યા**




ઉમંગનો રંગ - દિપાવલી પર્વોમાં મિઠાઈ, ફટાકડા અને કપડાં જેટલું મહત્વ છે એટલું જ મહત્વ રંગોળીનું પણ છે... ઘર-ઘર દિવડા પ્રગટાવાય સાથે સાથે ઘરના આંગણામાં અવનવા રંગોથી નયનરમ્ય રંગોળી પુરાય છે... ભારતીય સંસ્કૃતિની પરંપરામાં ઉજવણીનો ઉમંગ રંગ દ્વારા વ્યક્ત થાય છે... અતિથિને આવકારવા આંગણે પુરાતી રંગોળી ઉમંગનું પ્રતિક છે... દિવાળી આગમનના પગલે શહેરના બજારમાં અવનવા રંગો ખડકાયા છે... સાથે સાથે રંગોળીની તૈયાર ડિઝાઈન પણ વેચાણથી ઉપલબ્ધ બની છે... આવો, દિપાવલી પર્વે ઉમંગના રંગથી આંગણાને ભરી દઈએ....

# મનપા દ્વારા મિલ્કતવેરાની વસુલી માટે ૨૦ એકમો સીલ કરાયા

## સિલ કરાયેલા એકમો પાસેથી રૂ. બે કરોડ જેટલી વસુલી બાકી છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાના બાકીદારો સામે સિલીંગના આકરા પગલાંઓ લેવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શનિ-રવિની રજાના દિવસોમાં પણ તંત્રએ તેની કામગીરી ચાલુ રાખી અને વસુલી પર ધ્યાન કેન્દ્રીત કર્યું હતું.

મળતી વિગતો મુજબ રૂ. ૨ કરોડ જેટલી રકમની બાકી ધરાવતા આ મિલ્કતધારકો જેમની સંખ્યા ૨૦ જેટલી થવા જાય છે તેમની મિલ્કતો સિલ કરવામાં આવી છે.

મિલ્કતવેરાની વસુલી માટે વારંવારની નોટીસો પછી પણ કોઈએ આ વેરો ભરવાની દરકાર ન લેતાં તંત્રએ આ મહ્ત્વનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે જીઆઈડીસી વિસ્તારમાં ઔદ્યોગિક કેન્દ્રોથી આ સિલિંગ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. રૂ. પાંચ લખથી વધુની વસુલી પણ મેળવવામાં તંત્ર સફળ રહ્યું હોવાનું જાણવા મળેલ છે.

બે દિવસ બાદ આજે પણ તંત્રએ સિલિંગની કામગીરી ચાલુ રાખી હતી. આગામી દિવસોમાં પણ આ અભિયાન જારી રહેશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# જુના સેકટરોમાં પાણીનો પોકાર ડામવા સર્વે : ૭ બોર બંધ હાલતમાં

## સે-૧૪ થી ૩૦માં પાણીના બોર બંધ હોવાથી રહીશોને ફોર્સથી પાણી મળતુ નથી : તંત્ર દ્વારા ખર્ચને મંજુરી આપવા કાર્પોરેશનને દરખાસ્ત

ગાંધીનગર તા ૨૪

શહેરના જુના સેકટરોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે જુના સેકટરોમાં ૭ જેટલા બોર બંધ હોવાનુ ધ્યાને આવ્યુ છે. પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા ટુંકમાં જ નવા બોર બનાવવાનુ કામ શરૂ કરી દેવાશે. આ માટે તંત્ર દ્વારા કોર્પોરેશનને દરખાસ્ત પણ કરી દેવામાં આવી છે.

શહેરમાં વર્ષો અગાઉ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી હતી. જો કે પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે નવી વિતરણ વ્યવસ્થાના અંતે જુના અને નવા સેકટરોમાં પાણીનો કોમન સપ્લાય આપવાનુ શરૂ કરાયુ હતુ. પાણીની ફરિયાદો પણ ઘટી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં પાણીની બુમ ઉઠવા પામી છે. જેમાં ખાસ કરીને જુના સેકટરોમાં પાણી ન આવતુ હોવાનો કકળાટ વારંવાર ઉદભ્વે છે. સે-૧૪ થી ૩૦ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાથી રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે.

આ માટે તંત્ર દ્વારા શહેરના સેકટરોમાં પાણીની સમસ્યાને હલ કરવા માટે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં જુના સેકટરોમાં જે તે સમયે બનાવાયેલા પાણીના બોર બોર બંધ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જેમાં જુના સેકટરોમાં હાલ ૭ જેટલા બોર બંધ હાલતમાં હોવાથી પાણીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. જેના લીધે તંત્ર દ્વારા રહીશોને ફોર્સથી પાણી સપ્લાય કરવા માટે નવા બોર બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે તંત્ર દ્વારા કોર્પોરેશનને દરખાસ્ત કરી દેવામાં આવી છે.

કામને અનુલક્ષી ખર્ચને મંજુરી આપી દેવાયા બાદ બોર બનાવાની કામગીરી શરૂ કરી દેવાશે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીના બોર બનાવાનુ કામ પુર્ણતાના આરે છે. જયારે જી આઈ ડી સી વિસ્તારમાં પણ પાણીની પોકારને ડામવા માટે નવી લાઈન તેમજ ફોલ્ડર પંપનુ કામ પુર્ણ કરી દેવાયુ છે.

# કર્મચારીઓના પગાર થતાં હવે દિવાળી દેખાશે

## સરકારી કર્મચારીઓના પગારો : તથા ખાનગી કંપનીઓમાં બોનસની ચુકવણી શરૂ થતાં બજારોમાં દિવાળી દેખાશે

ગાંધીનગર, તા. ૨૪

દિવાળી નજીક આવતા જ બજારોમાં રોનક દેખાવા લાગી છે. સરકારી કર્મચારીઓના પગારો થવાના શરૂ થતાં બજારોમાં ધીમે ધીમે ભીડ વધી રહી છે. એક તબક્કે ઠંડુ દેખાઈ રહેલુ બજાર હવે ઘરાકોથી ઉભરાઈ રહ્યું છે.

સમગ્ર શહેરમાં ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ ફેલાયુ છે. જ્યાં જુઓ ત્યાં હર્ષ-ઉલ્લાસ દેખાઈ રહ્યો છે. દિવાળીના તહેવારો નજીક આવતા જ આસપાસનું વાતાવરણ જીવંત બની ઉઠ્યું છે. બજારોમાં ઘરાકી વધી રહી છે. જાતભાતના સેલ અને એક્ઝીબિશનમાં ડ્રાયફ્રૂટ, ચોકલેટથી માંડીને કપડાં, શુઝ અને ઘર વખરીની ચીજવસ્તુઓ મળી રહી છે. દિવાળીની ખરીદી હવે આગામી દિવસોમાં વધુ જામશે કારણ કે સરકારી કર્મચારીઓના પગારો થવાનો પ્રારંભ થઈ ચુક્યો છે. જે કર્મચારીઓના પગારો હજુ સુધી થયા નથી તેમના પગાર આગામી એકાદ બે દિવસમાં થઈ જશે. કેટલીક ખાનગી કંપનીઓમાં પણ બોનસ આપવાનું શરૂ કરાયું છે. સરકારી કર્મચારીઓના વહેલા પગાર અને બોનસના કારણે બજારોમાં ધીમે ધીમે ઘરાકી વધી રહી છે.

પૈસા હાથમાં આવતા હવે ખરીદીમાં વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને રેડીમેડ વસ્ત્રો અને નમકીન મીઠાઈની ખરીદી જામી છે. મોડે સુધી બજારોમાં અવરજવર રહે છે. હજુ દિવાળીને એક અઠવાડિયુ બાકી છે. ત્યારે ઘરાકી વધુ જામશે તેવી વેપારીઓને આશા છે. છેક દિવાળીના દિવસ સુધી બજારો ખુલ્લા રહેશે.

# હેલીપેડના એક્ઝિબિશન સેન્ટરને અપગ્રેડ કરવા રૂ ૨૦ કરોડ ખર્ચાશે

## હાલ ૧૪ ડોમને ન્યુલુક અપાશે :વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વધુ બે નવા ડોમ તૈયાર કરાશે : એક્ઝિબિશન સેન્ટરના ૭૫ હજાર ચો મી વિસ્તારમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમા વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ને અનુલક્ષી પુર્વતૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે. જયારે નગરના બ્યુટીફિકેશન ઉપરાંત સે-૧૭ સ્થિત એકઝિબિશન સેન્ટરને અપગ્રેડ કરવા માટે પણ કાર્યયોજના હાથ ધરાશે. સે-૧૭માં હેલીપેડ મેદાન ખાતે ૭૫ હજાર ચો મી વિસ્તારમાં પથરાયેલા એકઝિબિશન સેન્ટરમાં હંગામી ધોરણે નવા બે ડોમ તૈયાર કરાશે. હાલ અહીં ૧૪ ડોમ છે. જયારે તમામ ડોમને વાતાનુકુલિત બનાવવા માટે તેમજ યોગ્ય બ્યુટીફિકેશન તેમજ સજાવટની કામગીરી પાછળ રૂ ૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ને અનુલક્ષી તૈયારીઓનો ધમધમાટે શરૂ થઈ ગયો છે. વાઈબ્રન્ટ સમિટમાં નગરને દુલ્હનની જેમ સજાવટ કરવામાં આવે છે. રોડ બ્યુટીફિકેશન તેમજ રંગબેરંગી રોશનીનો જગમગાટ પણ વાઈબ્રન્ટ દરમિયાન આકર્ષણનુ કેન્દ્ર બને છે. વાઈબ્રન્ટ પુર્વે શહેરમાં રસ્તાના કામો હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. જયારે વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરને



અનુલક્ષી નગરના ખ માર્ગને પણ સિકસલેન બનાવાની કાર્યયોજના પણ હાથ ધરવામાં આવી છે. ખ માર્ગને સિકસલેન બનાવાનુ કામ આગામી મહીનામાં પુર્ણ કરી દેવાશે. બીજીતરફ કોબાથી હાંસોલ માર્ગનુ કામ પણ દિવાળી બાદ શરૂ કરી દેવાશે. નગરના માર્ગોને ચકાચક બનાવવા માટે પણ ટુંકમાં જ કામોને મંજુરી આપી દેવાશે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ શરૂ કરી દેવાશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સે-૧૭ હેલીપેડ મેદાન ખાતે વિશાળ જગ્યામાં અત્યાધુનિક ડોમ્સ પણ તૈયાર કરવામાં આવ્યા છે. જયારે આ ડોમની જાળવણીનુ કામ પણ હાથ ધરવામાં આવશે. જેમાં સિવિલ તેમજ અન્જિનિયરીંગ કામ પાછળ રૂ ૨૦ કરોડના ખર્ચ કરવામાં આવશે. આ કાર્યયોજના અન્વયે હંગામી ધોરણે બે નવા ડોમ પણ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત ડોમના ૭૫ હજાર ચો મી વિસ્તારમાં સુશોભનના કામો પણ હાથ ધરાશે. જયારે ડોમને વાતાનુકુલિત બનાવવા માટે પણ કામ હાથ ધરાશે. દરવાજા સહીતનો વિસ્તાર સુશોભિત કરવામાં આવશે. જેમાં સિવિલ કામ માટે રૂ ૪ કરોડનો ખર્ચ કરાશે જયારે

● અનુસંધાન પાન-૫ પર

# સે. ૭ અને ધોળાકૂવામાંથી ડેન્ગ્યુ પોઝીટીવના કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સે. ૭ અને ધોળાકૂવામાંથી આજે ડેન્ગ્યુના વધુ ૨ કેસ મળી આવ્યા છે. આ સાથે ડેન્ગ્યુના આ સિઝનમાં ૭૨ જેટલા કેસો થયા છે. મળતી વિગતો પ્રમાણે ધોળાકૂવાની મહિલા દર્દીને તાવ વધુ જણાતાં તે ગાંધીનગર સિવિલ આવી હતી જ્યાં લોહીના પરીક્ષણ દરમ્યાન ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો હતો.

આ ઉપરાંત સે. ૭ના યુવાનને પણ ડેન્ગ્યુ પોઝીટીવ જણાયો હતો. આ બન્ને દર્દીઓ હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી વિગતો પ્રમાણે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન શહેરમાં ૯૮ ટકા જેટલા લોકોને સર્વેલન્સમાં આવરી લેવામાં તંત્રને સફળતા મળી છે. તંત્રએ આ વખતે એન્ટી લારવેલની કામગીરી પર વધુ ધ્યાન કેન્દ્રીત કરેલ છે.

# હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૭૬૦૦થી વધુ સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળ્યા

## સર્વેલન્સમાં ૯૯ ટકાથી વધુ વસ્તીને આવરી લેવામાં આવી ૨૩૦૦થી વધુ લોહીના નમૂના પરીક્ષણ માટે લેવાયા

ગાંધીનગર, તા. ૨૪

વાહકજન્ય રોગચાળા માટે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમ્યાન ૯૯.૨૦ટકા લોકોને તંત્રની ટીમો દ્વારા આવરી લેવામાં સફળતા મળી છે.

જિલ્લાના ૧૨,૧૫,૯૩૬ લોકોને આ સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા હતા. સર્વેલન્સ દરમ્યાન ૨૩૭૨ વ્યક્તીઓને તાવ જણાતાં તેમના લોહીના નમૂના મેળવી અને ચકાસણી હાથ ધરવામાં આવી છે.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આ ત્રીજા તબક્કાના અભિયાન દરમ્યાન ૭૬૮૪ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળતાં ત્યાં પોરાનાશક કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. પાછોતરો વરસાદ થતાં આ વખતના સર્વેલન્સમાં પોરા મળવાના સ્થાનોમાં વધારો જોવા મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

તંત્રની ટીમોએ ડેન્ગ્યુના ૩ શંકાસ્પદ કેસ પણ સર્વેલન્સ દરમ્યાન શોધી કાઢ્યા હતા. તંત્રની ટીમોએ ૨,૪૬,૮૪૮ ઘરોને આવરી લઈ મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

આ ઉપરાંત આ સર્વેલન્સ દરમ્યાન હોમિયોપેથીની પ્રતિશોધક દવાઓનું વિતરણ પણ જિલ્લાના ખોરજ ગામે કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે લોક જાગૃતિ અભિયાનમાં તંત્રએ લઘુ-ગુરૂ શિબિરો ઉપરાંત ૧૬ હજારથી વધુ મચ્છરદાનીઓ દવાયુક્ત કરી આપી હતી. બાળકોમાં પોરા શોધક સ્પર્ધા ઉપરાંત નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાઓનું પણ આયોજન કર્યુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મેલેરિયાના કેસો ઓછા નોંધાયા છે. ડેન્ગ્યુના છુટા છવાયા કેસો જોવા મળ્યા છે. જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા એન્ટી લારવેલની કામગીરી પણ સઘન રીતે કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-3, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com